**પ્રેસ રિલીઝ**

**પ્રેસ રિલેશન ડિવિઝન, સેન્ટ્રલ ઓફિસ**
**પોસ્ટ બોક્ષ 406, મુંબઇ 400 001**
ફોન: 2266 0502 ફેકસ: 2266 0358, 2270 3279

**રિઝર્વ બેન્ક**
**ઓફ ઇન્ડિયા**
**ઇન્ટરનેટ પર આરબીઆઇ**
http://www.rbi.org.in
Email: helpprd@rbi.org.in

19 એપ્રિલ, 2004

## આરબીઆઇ બેંકોને સિક્કા વજનમાં લેવા સૂચવે છે

જાહેર જનતા હવે ચલણી અને બિન ચલણી સિક્કાઓ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના કાઉન્ટર્સ ઉપરાંત જાહેર તથા ખાનગી ક્ષેત્રની બેંકોના કાઉન્ટર પર આપી શકશે. બેંકો તથા રિઝર્વ બેંક આ સિક્કાઓ વજન મુજબ લેશે.

મુંબઇ શહેરની જાહેર / ખાનગી ક્ષેત્રની બેંકોની દરેક શાખાને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, પાંચ દસ અને વીસ પૈસાના એલ્યુમિનિયમના સિક્કા, દસ પૈસાના કાંસ્ય, દસ પૈસાના સ્ટેઇનલેસ સ્ટીલના, 25 પૈસા, 50 પૈસા અને એક રૂપિયાના કોપર નિકલ સિક્કાઓ વજન પ્રમાણે સ્વીકારવાની સલાહ આપે છે. ધ રિઝર્વ બેંક આવા સિક્કાઓનો સંગ્રહ ધરાવતા સભ્યોને વિનંતી કરે છે કે તેઓ મેટલ અને પૈસા પ્રમાણે સો-સો નંગના પોલિથીનના પેકેટ તૈયાર કરી આપે. આ જ પ્રકારની સિક્કા સ્વીકારવાની વ્યવસ્થા હાલ ચલણી સ્ટેઇનલેસસ્ટીલના સિક્કાઓ માટે ઉપલબ્ધ છે. સ્ટીલના 25 પૈસા, 50 પૈસા અને એક રૂપિયા તેમજ કોપર નિકોલના બે તથા પાંચ રૂપિયાના સિક્કા પણ આપી શકાશે.

**અલ્પના કિલ્લાવાલ**
**મુખ્ય મહા પ્રબંધક**

**પ્રેસ રિલીઝ : 2003-2004/1241**